**સેશન્સ કેસ નંબરઃ– ૫૧/૨૦૧૮**
**આંક –૭૨**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– ૫૧/૨૦૧૮ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 07 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | મિતલબેન અશોકભાઈ ચૌધરી | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | 8849166077 |
| ઉંમર આશરે | ૩૨ | વરસની | ધંધો | ટયુટર બનાસ મેડીકલ કોલેજ પાલનપુર |
| રહેવાનુ | પાલનપુર તા.પાલનપુર | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી. કંસારા |

(૧) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે કિર્તીજી ધારશીજી ઠાકોર,ઉ.વ. આશરે ૪૦ રહે. થરા તેમના સગા દ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા કનકસિંહ ચંદુભા નામના વ્યકિતએ માથામાં તલવાર મારીને ઈજા કરેલ છે તથા વાઘેલા લાલુભા વનરાજસિંહ નામના વ્યકિતએ બંન્ને હાથ ઉપર ધોકો મારીને ઈજા કરી હતી તથા વાઘેલા કનુભા હીરૂભા નામના વ્યકિતએ ડાબા પગ ઉપર પથ્થર મારેલ છે અને વાઘેલા લાલુભાએ બંન્ને હાથ ઉપર લોખંડની પાઈપ તથા ગડદાપાટુનો માર શરીર ઉપર મારેલ છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

સાહેદની સહી.............................

(૧) દર્દીને ટાંકાવાળો ઘા આશરે ૫ થી ૬ સે.મી. લાંબો જે મધ્ય પરાઈજન રીજનમાં હતો.

(૨) દર્દીને બંન્ને ફોરઆર્મમાં દુખાવા સાથેનો સોજો હતો.

(૩) દર્દીને ડાબી બાજુના ફોરલેગમાં ઘસરકો હતો.

દર્દીની શારીરીક તપાસ કરતા તા.૧૫/૧૨/૧૭ના રોજ જનરલ હોસ્પિટલમાં મગજનો સી.ટી. સ્કેન પાલનપુરમાં થયેલ. જેમાં મગજમાં ઓકિસપીટલ રીજનમાં લોહી ગંઠાયેલ હતું. ડાબી બાજુ ટીબીયા હાડકાનો એક્ષ–રે નોર્મલ હતો. બંને ફોરઆર્મ અને હાથના કાંડાના એક્ષ–રે માં બંન્ને અલના અસ્થિ ભંગ હતો. જેનો છાતીનો એક્ષ–રે સામાન્ય હતો. જેની ઈજાઓ નીચે પ્રમાણે હતી.

જે ગંભીર પ્રકારની ગણાય. જે ઈજા નં.૧ પ્રમાણે હતી. જે ઈજા સામાન્ય પ્રકારની ગણાય છે ઈજા નં.૨ અને ૩ પ્રમાણેની હતી. સદર ઈજાઓ સખત અને તિક્ષ્ણ હથિયાર વડે થઈ શકે તેવી હતી. જો કોઈ તકલીફ ન થાય તો દર્દી ચાર થી છ અઠવાડીયામાં સાજો થઈ શકે. સદર દર્દીને તા.૧૪/૧૨/૧૭ના રોજ દાખલ કરેલ અને તા.૨૬/૧૨/૧૭ ના રોજ તેને ડીસ્ચાર્જ કરેલ.

(૨) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે સદાજી દાજાજી ઠાકોર,ઉ.વ. આશરે ૫૦ રહે. થરા તેમના સગા ઘ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા કનકસિંહ ચંદુભા નામના વ્યકિતએ મોઢાના નીચેના ભાગે તલવાર મારીને ઈજા કરેલ છે તથા વાઘેલા કનુભા હિરૂભા નામના વ્યકિતએ લોખંડની પાઈપ માથા અને જમણા હાથ ઉપર મારીને ઈજા કરી હતી. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

સાહેદની સહી.............................

(૧) દર્દીને ટાંકાવાળો ઘા દાઢીના ભાગે હતો.

દર્દીની શારીરીક તપાસ કરતા તા.૧૫/૧૨/૧૭ના રોજ જનરલ હોસ્પિટલમાં મગજનો સી.ટી. સ્કેન પાલનપુરમાં થયેલ. જેમાં મગજમાં સેરેબ્રલ એટ્રોફીના ચેન્જીસ હતાં. જમણી બાજુની કોણી તથા ખભાના એક્ષ–રે સામાન્ય હતો.જમણી બાજુના પગનો એક્ષ–રે સામાન્ય હતો તથા છાતીનો એક્ષ–રે સામાન્ય હતો. જેની ઈજાઓ નીચે પ્રમાણે હતી.

જે સામાન્ય પ્રકારની ગણાય. સદર ઈજાઓ સખત અને તિક્ષ્ણ હથિયાર વડે થઈ શકે તેવી હતી. જો કોઈ તકલીફ ન થાય તો દર્દી ૧૦ થી ૧૪ દિવસમાં સાજો થઈ શકે. સદર દર્દીને તા.૧૪/૧૨/૧૭ના રોજ દાખલ કરેલ અને તા.૧૬/૧૨/૧૭ ના રોજ તેને ડીસ્ચાર્જ કરેલ.

(૩) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે ભરતજી સદાજી ઠાકોર,ઉ.વ. આશરે ૩૦ રહે. થરા તેમના સગા ધ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા નિતીનરાજસિંહ નામના વ્યકિતએ જમણા હાથ ઉપર તેમજ પીઠ પર જમણા ભાગે લોખંડની પાઈપ મારીને ઈજા કરેલ છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

(૧) દર્દીને જમણી બાજુ પીઠના ભાગે આશરે ૧૦ સે.મી. લાંબો ઘસરકો હતો. દર્દીને ઓ.પી.ડી.માં સારવાર કરેલી હતી.

(૪) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં

સાહેદની સહી...............................

મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે માલાજી ઈશાજી ઠાકોર,ઉ.વ. આશરે ૩૫ રહે. થરા તેમના સગા ધ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા મનુભા રઘુભા નામના વ્યકિતએ ડાબી બાજુના ખભા પર લોખંડની પાઈપ મારીને ઈજા કરેલ છે.તેમજ વાઘેલા યુવરાજસિંહ નંદુભા નામના વ્યકિતએ થમ્પસપની કાચની બોટલ જમણા પગ પર મારેલ છે અને છાતીના જમણા ભાગ ઉપર પથ્થર મારીને ઈજા કરેલી છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

(૧) દર્દીને ડાબા ખભાના જોઈન્ટમાં દુખાવાવાળો સોજો હતો. જમણી બાજુના એન્કલ જોઈન્ટમાં ઘસરકો હતો. તેના ડાબી બાજુના ખભાના એક્ષ-રે માં ડાબા કલેવીકલમાં અસ્થિ ભંગ હતા. જમણા એન્કલ જોઈન્ટમાં એક્ષ-રે સામાન્ય હતો તેમજ છાતીમાં પણ એક્ષ-રે સામાન્ય હતો. ઉપર મુજબની ઈજા ગંભીર પ્રકારની ગણાય. જે સખત અને બોથડ પદાર્થથી થઈ શકે. જો દર્દીને તકલીફ ન થાય તો ચાર થી છ અઠવાડીયામાં સાજો થઈ શકે. દર્દીને તા.૧૪/૧૨/૧૭ના રોજ દાખલ કરેલ અને તા.૧૫/૧૨/૧૭ના રોજ ડીસ્ચાર્જ કરેલ.

(૫ ) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે કુલદીપજી કીર્તીજી ઠાકોર,ઉ.વ. આશરે ૧૮ રહે. થરા તેમના સગા ધ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા સુખદેવસિંહ રઘુભા નામના વ્યકિતએ બંન્ને

સાહેદની સહી.............................

ખભા ઉપર ધોકો તેમજ જમણા પગ ઉપર અડીના ભાગે લોખંડની કાતરી અને બંન્ને ખભા ઉપર પથ્થર મારીને ઈજા કરેલ છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

(૧) દર્દીને જમણી બાજુના એડીના ભાગે આશરે ૧ સે.મી. જેટલો તિક્ષ્ણ ઘા હતો. દર્દીને ઓ.પી.ડી. દરમિયાન સારવાર કરેલ હતી.

(૬ ) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે વિનોદજી ખેંગારજી ઠાકોર,ઉ.વ. આશરે ૧૪ રહે. થરા તેમના સગા ધ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા વિપુલસિંહ કાળુભા નામના વ્યકિતએ ડાબા હાથ ઉપર લાકડી મારીને ઈજા કરેલ છે.તેમજ પીઠ ઉપર અને પેટ ઉપર ગડદાપાટુનો માર મારેલ છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

(૧) દર્દીને ડાબી બાજુના ફોરઆર્મ અને કાંડાના ભાગે સોજો હતો. ડાબી બાજુના ફોરઆર્મના એક્ષ–રે માં અલ્ના હાડકાનું અસ્થિ ભંગ હતો. છાતીનો એક્ષ–રે સામાન્ય હતો. ઉપર મુજબની ઈજઓ ગંભીર પ્રકારની ગણાય. જે સખત અને બોથડ પદાર્થથી થઈ શકે. જો દર્દીને કોઈ તકલીફ ના હોય તો ચાર થી છ અઠવાડીયામા સાજો થઈ શકે. દર્દીને તા.૧૪/૧૨/૧૭ના રોજ દાખલ કરેલ અને તા.૧૮/૧૨/૧૭ના રોજ ડીસ્ચાર્જ કરેલ.

(૭ ) હાલમાં હુ બનાસ મેડીકલ કોલેજ મુકામ પોસ્ટ.મોરીયા તા. પાલનપુર ખાતે ટયુટર તરીકે મારી ફરજ બજાવુ છુ. બનાવ સમયે હું જનરલ હોસ્પિટલ પાલનપુરમાં મેડીકલ

સાહેદની સહી.............................

ઓફિસર તરીકે ફરજ પર હતી તે દરમિયાન તા.૧૪/૧૨/૨૦૧૭ના રોજ આશરે રાત્રીના કલાક ૧૧:૦૫ વાગે જયંતિજી સદાજી ઠાકોર,ઉ.વ. આશરે ૨૫ રહે. થરા તેમના સગા દ્વારા સી.એચ.સી. રાધનપુરથી ટ્રાન્સફર થઈને અમારી પાસે આવેલા. દર્દીએ જણાવેલ હીસ્ટ્રી મુજબ મને તા.૧૪/૧૨/૧૭ના રોજ આશરે સાંજના પાંચ વાગે સ્થળ દિયોદર ત્રણ રસ્તા થરાએ મારામારી થવાના કારણે વાઘેલા મનુભા રઘુભા નામના વ્યકિતએ મોઢાના જમણા ભાગમાં પથ્થર મારીને ઈજા કરેલ છે.તેમજ ગુણવંતસિહં રઘુભા નામના વ્યકિતએ ગડદાપાટુનો માર મારેલ છે. દર્દીનું જનરલ શારિરીક તપાસ કરતા દર્દી સભાન અવસ્થામાં હતો. દર્દીને નીચે ઈજાઓ હતી.

(૧) દર્દીને મોઢા જમણા ભાગે સોજો હતો. મેડીબલ હાડકાની મુવમેન્ટ ઓછી હતી. જમણી બાજુની આંખની કીકી કાળી થઈ ગયેલી હતી. મોઢાનો એક્ષ–રે સામાન્ય હતો. મગજનો સી.ટી. સ્કેન સામાન્ય હતો.

ઉપર મુજબની ઈજઓ સામાન્ય પ્રકારની ગણાય. જે સખત અને બોથડ પદાર્થથી થઈ શકે. જો દર્દીને કોઈ તકલીફ ના હોય તો ૧૦ થી ૧૪ દિવસમાં સાજો થઈ શકે. દર્દીને તા.૧૪/૧૨/૧૭ના રોજ દાખલ કરેલ અને તા.૧૬/૧૨/૧૭ના રોજ ડીસ્ચાર્જ કરેલ.

મને માર્ક:૮/૮ વાળી પો.સ.ઈ થરા એ કરેલ યાદી બતાવવામાં આવે છે, જે યાદીમાં રીસીવર તરીકે મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૩</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૯ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૪/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૪</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૦ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૫/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે,

સાહેદની સહી.............................

જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૫</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૧ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૬/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૬</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૨ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૭/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૭</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૩ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૮/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૮</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૪ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૭૯/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૭૯</u>** આપવામાં આવે છે.

મને માર્ક:૮/૧૫ વાળો એમ.એલ.સી.સર્ટીફીકેટ નં.૩૭૮૦/૨૦૧૭ બતાવવામાં આવે છે, જે સર્ટી અમારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલુ હતુ તેમાં મારી સહી અને હોદો છે, જે હું ઓળખી બતાવુ છુ, જે રજુ **<u>આંક:૮૦</u>** આપવામાં આવે છે.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.એ.એસ.દરજી..</u>**

(૨) એ વાત ખરી છે કે દદીઓ મારી પાસે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હતા. એ વાત ખરી નથી કે દર્દી મારી પાસે આવ્યા ત્યારે તેમની હીસ્ટ્રી તેમની સાથે આવેલ માણસોએ લખાવેલી. એ વાત ખરી નથી કે ઈજા પામનાર કિર્તીજી ધારશીજી ઠાકોર અને સદાજી ધારશીંગજી ઠાકોર આ બંન્ને વિપુલજી વદનજી ઠાકોરે તલવારથી ઈજા કરેલી તેવી હકીકત જણાવેલી. એ વાત ખરી નથી કે ઈજા પામનાર માલાજી ઠાકોર તથા ભરતજી

સાહેદની સહી.............................

ઠાકોરને મહેન્દ્રસિંહ કેશુભા વાઘેલાએ લોખંડની પાઈપથી ઈજા કરેલ તે હકીકત મારી સમક્ષ જણાવેલી. એ વાત ખરી છે કે સદર ઈજાઓ અકસ્માતથી થઈ શકે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પરંતુ તે ઈજાઓ અકસ્માતથી થઈ છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી નથી કે ઈજાપામનારાઓને આવી કોઈ ઈજાઓ થયેલ ન હોવા છતા ખોટા સર્ટીઓ આપેલ છે. એ વાત ખરી નથી કે મે સર્ટીઓ આપેલ હોવાથી તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................
સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૩૦/૦૭/૨૦૨૫ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................